# સૂપર્બ સેન્ટેન્સ (વૈચારિક – ઊર્જા)

* કેદીને માટે સર્વશ્રેષ્ઠ ઉપકાર એ વ્યક્તિનો છે જે વ્યક્તિ એને કેદમાંથી છોડાવે છે, આપણા પર સર્વશ્રેષ્ઠ ઉપકાર પરમાત્માના શાસનનો છે કે જે શાસન આપણને વાસનાના બંધનમાંથી છોડાવવા પૂરાતું સક્ષમ છે.
* પ્રેમ ધર્મની પ્રતિષ્ઠા કર્યા વગર ધર્મ પ્રેમ કદાપિ પ્રતિષ્ઠા પામતો નથી.
* આપવાનું મન થાય અથવા થયા કરે તેનું નામ પ્રેમ, અને માગવાનું મન થયા કરે અથવા તો લેવાનું મન થયા કરે તેનું નામ વાસના.
* જેને પોતાનુ દિલ એક મંદિર નથી લાગતું, તેનું દિલ કોઈ મંદિરમાં લાગતું નથી.
* અહંકાર તૂટવાનો ભય અને અપમાન થઈ જવાનો ભય, આ બે ભય આપણને પાપની કબૂલાત કરતાં અટકાવે છે.
* પ્રભુ પાસે પહોંચતાં આપણને અટકાવે એવાં કુલ પરિબળો સાત છે: ૧. ગરીબી. ૨. શ્રીમંતાઈ ૩. ધારદાર બુદ્ધિ ૪. સત્તા ૫. શ્રીમંતાઈ + ધારદાર બુદ્ધિ ૬. શ્રીમંતાઈ + ધારદારબુદ્ધિ + સત્તા ૭. શ્રીમંતાઈ + ધારદાર બુદ્ધિ + સત્તા + સન્માનનીભૂખ.
* પાપનો અભાવ એ 'રામ'ની ભૂમિકા છે;<br>પાપનો પશ્ચાતાપ એ 'રાવણ'ની ભૂમિકા છે;<br>પાપનો બચાવ એ 'દૂર્યોધન'ની ભૂમિકા છે.
* પ્રમાદનું જીવન એ કાણાંવાળી બારી જેવું છે.<br>પાપનું જીવન એ ગ્રિલવાળી બારી જેવું છે.<br>વ્યસનનું જીવન એ તો ખુલ્લી બારી જેવું છે.
* પાપ જેને તાકાતવાન લાગે છે,<br>પાપ જેને હૃદયથી ગમે છે અને<br>પાપને જેણે જીવનમાં સ્થાન આપ્યું છે, આ આત્મા પાપથી મુક્ત થઈ શકે એવી કોઈ જ શક્યતા નથી.
* ભૂખ્યા માણસને થોડું ધન આપવાથી તમે તેને એક દિવસનો ખોરાક આપી શકશો, પણ જો તેને ધન કમાતા શીખવાડશો તો આખી જિંદગીનો ખોરાક આપી શકશો. (ચીન)
* ગરીબી દરવાજે આવે છે ત્યારે પ્રેમ બારીમાંથી ભાગી જાય છે. (ઈંગ્લેન્ડ)
* જે રસ્તો સૌથી વધુ ઘસાયેલો હશે. એ સૌથી વધુ સલામત હશે. (ચેકોસ્લોવાકિયા)
* જ્યારે પૈસો બોલે છે ત્યારે સત્ય ચૂપ થઈ જાય છે. (રશિયા)
* ધીરજ આનંદની ચાવી છે અને ઉતાવળ શોકની ચાવી છે. (આલ્બેનિયા)
* જ્યારે તમે કોઈને ક્ષમા આપો છો, ત્યારે તમારી જાત મજબૂત કરો છો અને તેની જાતને નબળી બનાવો છો. (અમેરિકા)
* શુદ્ધ અંતરાત્મા કરતાં વધુ આરામદાયક ઓશીકું બીજું એક પણ નથી. (ઈટાલી)
* જે પોતાની જાતને સમાજની સફાળ માટે સાવરણી બનાવે, તેણે ધૂળની ફરિયાદ ન કરવી જોઈએ. (જર્મની)
* સંપત્તિ સુખો આપે છે. તેથી વધુ એ વસૂલ કરે છે. (ચીન)
* જે કશું જ ઈચ્છતો નથી એ સર્વાધિક શ્રીમંત છે, જે બધું જ ઈચ્છે છે એ સર્વધિક ગરીબ છે. (ગ્રીસ)
* કીડી પણ છ ફૂટ ઊંચી હોઈ શકે છે, જો તેના ખુદના માપદંડથી માપો તો. (સાર્બિયા)
* તમે ઉદાસીના પંખીને તમારા માથે ચકરાવો લેતાં રોકી શકતા નથી, પણ તેને તમારા મસ્તક પર માળો બાંધતા જરૂર રોકી શકો છો. (ચીન)

* જે ગુના જાહેરમાં આચરવામાં આવે છે તેને હળવાશથી લેવાય છે. (ઈટાલી)
* સારી વસ્તુઓ શોધવી પડે છે અને ખરાબ વસ્તુઓ મળી જાય છે. (એસ્ટોનિયા)
* સજાથી કદાચ એક ખોટો માણસ સાચો નહિં બને, પણ સો સાચા માણસો ચોક્કસ ખોટા બનતા અટકશે (અરબસ્તાન)
* ગુસ્સાની એક ક્ષણ ઉપર જો તમે નિયંત્રણ રાખી શકો, તો પસ્તાવાના સો દિવસો બચાવી શકો. (ઈટાલી)
* મૌન માનવી હંમેશા સાંભળવા લાયક હોય છે. (જાપાન)
* સીડી ચડવા માટે તમારે નીચલું પગથિયું પહેલું ચડવું પડશે. (જર્મની)
* હૃદય પાસે એવું કોઈ રહસ્ય છુપાયેલું નથી, જે વર્તન દ્વારા પ્રગટ ન થતું હોય ! (સ્પેન)
* હજારો વર્ષોની પ્રતિષ્ઠા એક જ કલાકની ગેરવર્તણૂંક દ્વારા ધૂળધાણી થઈ શકે છે. (જાપાન)
* આંસુને પણ પોતાની ભાષા હોય છે, પરંતુ જે રડે છે તે જ તેને સમજી શકે છે. (આર્મેનિયા)
* તમારી ટોપલી એટલે ઊંચે ન ટાંગો કે, જ્યાં પહોંચવા તમારે કૂદકા લગાવવા પડે. (બહામા)
* તાજમાં એક વધુ હીરો ઉમેરાય એ કરતાં પેટમાં એક ટુકડો રોટી વધુ ઉમેરાય એ અગત્યનું છે. (સ્વીડન)
* જ્યારે પાપ ભૂલાઈ જાય ત્યારે ક્ષમા આપવી સહેલી છે. (અરબસ્તાન)
* ઘણાંને સખત પરિશ્રમનું ફળ મળતું નથી, કારણ કે એક કેરી માટે તેઓ આખો આંબો ઉગાડવાની મહેનત કરતા હોય છે. (ડેનમાર્ક)
* લીલું ઝાડ પાડવા મહેનત કરવી પડે છે. સૂકું ઝાડ આપમેળે જ પડે છે. (પેરુ)
* જ્યાં સુંધી હું પગ વિનાના એક વિકલાંગને નહોતો મળ્યો, ત્યાં સુધી હું મારી પાસે જૂતાં ન હોવા બદલ દુઃખી હતો. (ઈરાન)
* તમારો શ્રેષ્ઠાતમ મિત્ર અને કનિષ્ડતમ શુત્ર તમારી જ જાતમાં છુપાવેલો છે. (ઇંગ્લેન્ડ)
* સલાહ આપવી સારી વાત છે, પણ એથી યે વધુ સારી વાત સહાય આપવી તે છે. (તુર્કસ્તાન)
* જો માણસના ઘેર કોઈ મહેમાન ન આવતા હોય, તો તેને પોતાના પર્યટનમાં કોઈ યજમાન પણ મળતા નથી. (ફ્રાન્સ)
* આત્મજ્ઞાન એ આત્મવિકાસનો પ્રારંભ છે. (ફ્રાન્સ)
* જાત પર મેળવેલો વિજય એ જગતનો સર્વશ્રેષ્ડ વિજય છે. (ગ્રીસ)
* પ્રતિષ્ઠા એટલે નબળાઈઓને ઢાંકી દેવા વપરાતો નકાબ. (ઈઝરાયેલ)
* જેણે ઉઘાડા પગે જ ચાલવાનું છે, તેણે કાંટાઓ વાવવા ન જોઈએ. (સ્કોટલેન્ડ)
* કોઈના પતન પર ક્યારેય હસવું નહિ, જીવનના તમામ માર્ગો લપસણા હોય છે. (રશિયા)
* ખોટા સિક્કાને પણ બે બાજુઓ હોય છે. (ચીન)
* મોટામાં મોટી ભરતી પછી પણ ઓટ આવે જ છે. (યુગોસ્લાવિયા)
* ‘હા’ અને ‘ના’ એવા ટચુકડા શબ્દો છે, જે ધરખમ ચીજોનું સર્જન કરી શકે છે. (જર્મની)
* માણસ જે કરતા નથી ગભરાતો, એ કહેતા ગભરાય છે. (નોર્વે)
* જો કેડી પણ નજર સામે હોય, તો દૂરનો રાજમાર્થ મૂકી તેના પર દોડવાનું શરૂ કરી દો. (હંગેરી)
* જે મારી પ્રશંસા કરે છે એ મારા શુભેચ્છકો છે અને જે મારા દોષ બતાવી મને ટપારે છે, એ મારા શિક્ષકો છે. (ચીન)
* ‘જ્ઞાનનો ફેલાવો થઈ શકે છે, ડહાપણનો નહિ!’ (પ્રાકૃત ભાષાની કહેવત)

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ